====================================================

**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

====================================================

**ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૩૨૦/૨૦૨૧**

**વિથ**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૩૧૮/૨૦૨૧**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી સોનિયા ગોકાણી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી રાજેન્દ્ર એમ. સરીન**

====================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? | હા |
| ૨ | રિપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? | હા |
| ૩ | શું માનનીય ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગેનો કાયદાનો કોઈ મહત્વનો પ્રશ્ન સમાવિષ્ટ છે? | ના |

====================================================

અજંતા મેન્યુફેક્ચરિંગ પ્રાઈવેટ લિમિટેડ

વિરુદ્ધ

યુનિયન ઓફ ઈન્ડિયા

=====================================================

**ઉપસ્થિતિ:**

અરજદાર(ઓ) નં. ૧, ૨ તરફે સુશ્રી અમૃતા એમ. ઠાકોર (૩૨૦૮)

સામાવાળા(ઓ) નં. ૧ તરફે શ્રી દેવાંગ વ્યાસ (૨૭૯૪)

સામાવાળા(ઓ) નં. ૨ તરફે શ્રી પી.વાય. દિવ્યેશ્વર (૨૪૮૨)

=====================================================

કોરમ**: માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી સોનિયા ગોકાણી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી રાજેન્દ્ર એમ. સરીન**

**તારીખ : ૧૪/૧૦/૨૦૨૧**

**મૌખિક ચુકાદો**

**(માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી સોનિયા ગોકાણી દ્વારા)**

**૧.** ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરવામાં આવેલી આ બે અરજીઓ છે, જેમાં સામાવાળા સત્તાધિકારીઓ દ્વારા જારી કરવામાં આવેલી કારણ દર્શક નોટિસોની કાયદેસરતા અને માન્યતાને એવા કારણોસર પડકારવામાં આવી છે કે સદર કારણ દર્શક નોટિસ દેખીતી રીતે જ હકૂમત અને કાયદાની સત્તા વિનાની છે તેમજ ઉપરી સત્તાધિકારીના બંધનકર્તા હુકમની સ્પષ્ટ અવગણના સમાન હોઈ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ, ગેરકાયદેસર અને શૂન્ય છે.

**૨.** આ બંને અરજીઓમાં કાયદાનો એકસમાન પ્રશ્ન સમાવિષ્ટ હોવાથી, આ સંયુક્ત ચુકાદા દ્વારા તેમનો નિર્ણય કરવામાં આવી રહ્યો છે, જ્યાં જરૂરી હોય ત્યાં,

ન્યાયનિર્ણય માટેની હકીકતો સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૩૨૦/૨૦૨૧ માંથી લેવામાં આવી છે.

**૨.૧** અરજદાર નં. ૧ એ કંપનીઝ એક્ટ હેઠળ સ્થાપિત અને નોંધાયેલી કંપની છે અને અરજદાર કચ્છ, જિલ્લો ગુજરાત ખાતેના મોટા ઉત્પાદન પ્લાન્ટ્સ પૈકીનો એક હોવાનો દાવો કરે છે. તે સેન્ટ્રલ એક્સાઇઝ ટેરિફ એક્ટ, ૧૯૮૫ ના પ્રકરણ ૬૯, ૮૫ અને ૯૧ હેઠળ આવતા ઈલેક્ટ્રિક એનર્જી સેવિંગ લેમ્પ, વિટ્રિફાઇડ ટાઈલ્સ, ક્વાટ્ર્ઝ ક્લોક વગેરે જેવા આબકારી જકાતપાત્ર ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. અરજદાર નં. ૨ એ અરજદાર નં. ૧-કંપનીના શેરધારક અને ડિરેક્ટર છે.

**૨.૨** વર્ષ ૨૦૦૧ માં ગુજરાત રાજ્યમાં અને ખાસ કરીને કચ્છ જિલ્લામાં આવેલા ભીષણ ધરતીકંપના કારણે કેન્દ્ર સરકાર દ્વારા તારીખ ૩૧.૦૭.૨૦૦૧ નું જાહેરનામું નં. ૩૯/૨૦૦૧-સીઈ જારી કરવામાં આવ્યું હતું, જેના દ્વારા સદર જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા માલ સિવાયના, કચ્છના એકમોમાંથી રવાના કરવામાં આવતા આબકારી જકાતપાત્ર માલને મુક્તિ આપવામાં આવી હતી. સદર જાહેરનામામાં સમયાંતરે સુધારો કરવામાં આવ્યો હતો અને અરજદારનું એકમ કચ્છ જિલ્લામાં આવેલું હોવાથી, તેણે સદર જાહેરનામાના લાભો મેળવ્યા હતા.

**૨.૩** અરજદારે સદર જાહેરનામામાં થયેલા સુધારા અનુસાર જૂન ૨૦૦૭ થી માર્ચ ૨૦૦૮ સુધીના સમયગાળા માટે સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી, એજ્યુકેશન સેસ અને સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન સેસ (જે હવે પછી

'ઈ.સી.એસ.એચ.ઈ.સી.' તરીકે ઉલ્લેખિત છે) ના સંબંધમાં રિફંડ દાવાઓ દાખલ કર્યા હતા. આસિસ્ટન્ટ કમિશનર, ભુજ દ્વારા તેને આંશિક રીતે મંજૂર કરવામાં આવ્યા હતા, પરંતુ ઈ.સી.એસ.એચ.ઈ.સી. અંગેના દાવા સહિતના દાવાના ભાગને નામંજૂર કરવામાં આવ્યો હતો.

**૨.૪** અરજદાર નં. ૨ એ કમિશનર (અપીલ્સ) સમક્ષ અપીલો મારફત સદર હુકમને પડકાર્યો હતો, જેમણે તારીખ ૭.૦૩.૨૦૦૮ અને ૨૭.૦૬.૨૦૦૮ ના હુકમો દ્વારા આસિસ્ટન્ટ કમિશનર, ભુજ દ્વારા પસાર કરવામાં આવેલા રિફંડ હુકમો બહાલ રાખ્યા હતા.

**૨.૫** નારાજ અરજદારોએ સેન્ટ્રલ એક્સાઈઝ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (જે હવે પછી 'સદર સેસ્ટેટ' તરીકે ઉલ્લેખિત છે), અમદાવાદ સમક્ષ અપીલો દાખલ કરી હતી, જેણે તારીખ ૧૦.૮.૨૦૦૯ અને ૯.૧૧.૨૦૦૯ ના પોતાના હુકમો દ્વારા આ બાબતો ન્યાયનિર્ણય સત્તાધિકારીને રિમાન્ડ કરી હતી.

**૨.૬** તારીખ ૧૦.૬.૨૦૧૦ ના રોજ, ન્યાયનિર્ણય સત્તાધિકારીએ અમુક રિફંડ દાવાઓ મંજૂર કર્યા હતા, જો કે, તેણે એવા તર્ક સાથે સદર જાહેરનામા નં. ૩૯/૨૦૦૧-સીઈ હેઠળની મુક્તિના આધારે ઈ.સી.એસ.એચ.ઈ.સી. ને લગતા રૂ. ૫૪,૧૦,૮૧૦/- ના રિફંડ દાવા મંજૂર ન કરવાનું પસંદ કર્યું હતું કે માત્ર સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી અથવા એડિશનલ સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટીને જ મુક્તિ આપી શકાય છે અને સદર જાહેરનામામાં ઈ.સી.એસ.એચ.ઈ.સી. આવરી લેવાયેલ નથી.

**૨.૭** તારીખ ૧૦.૬.૨૦૧૦ ના સદર રિફંડ હુકમથી નારાજ થઈને, અરજદારોએ કમિશનર (અપીલ્સ), રાજકોટ સમક્ષ વિવિધ કારણોસર અપીલ દાખલ કરી હતી, જેમાં એ કારણ પણ સામેલ હતું કે એજ્યુકેશન સેસ એ એક્સાઇઝ ડ્યુટી છે અને તેથી જાહેરનામા નં. ૩૯/૨૦૦૧-સીઈ હેઠળ રિફંડપાત્ર છે કારણ કે "અધિનિયમ હેઠળ વસૂલાતપાત્ર તમામ જકાત" સદર જાહેરનામા હેઠળ રિફંડપાત્ર છે.

**૨.૮** કમિશનર (અપીલ્સ) એ તારીખ ૧૯.૧૨.૨૦૧૮ ના એક વિગતવાર હુકમ દ્વારા ઈ.સી.એસ.એચ.એસ.ઈ.સી. ને લગતો અરજદારનો રૂ. ૫૪,૧૦,૮૧૦/- નો રિફંડ દાવો મંજૂર કર્યો હતો. તેમ કરતાં, તેણે ઠરાવ્યું હતું કે આ એક્સાઇઝ ડ્યુટી તરીકે લાદવામાં આવેલા સરચાર્જના સ્વરૂપમાં છે અને મુક્તિઓ તથા રિફંડ સંબંધિત જોગવાઈઓ સહિત સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, ૧૯૪૪ ની તમામ જોગવાઈઓ આ વસૂલાતને લાગુ કરવામાં આવી હતી તેમજ જાહેરનામા નં. ૩૯/૨૦૦૧ દ્વારા એક્સાઇઝ ડ્યુટીના રિફંડ/રીક્રેડિટ દ્વારા એક્સાઇઝ ડ્યુટીની વસૂલાતમાંથી ૧૦૦% મુક્તિ આપવામાં આવી હતી અને ઈ.સી.એસ.એચ.એસ.ઈ.સી. એક્સાઇઝ ડ્યુટી પર લાદવામાં આવ્યા હતા અને જ્યારે એક્સાઇઝ ડ્યુટી પોતે જ મુક્તિ હેઠળ હોય, ત્યારે તેને ગમે તે નામે ઓળખવામાં આવે તેવા કોઈપણ સરચાર્જ કે સેસ લાદવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેણે સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સ (જે હવે પછી 'સદર સી.બી.ઈ.સી.' તરીકે ઉલ્લેખિત છે) ના તારીખ ૧૦.૮.૨૦૦૪ ના પરિપત્ર પર આધાર રાખ્યો હતો. તેણે ૨૦૧૭ (૩૫૫) ઈ.એલ.ટી. (એસ.સી.) માં

રિપોર્ટ થયેલ એસ.આર.ડી. ન્યુટ્રિએન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ વિ. સી.સી.ઈ., ગુવાહાટી ના કેસમાં આપેલા સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર પણ આધાર રાખ્યો હતો.

**૨.૯** અરજદારોએ કમિશનર (અપીલ્સ) ના હુકમને, જે હદે તેમણે રિફંડ ક્લેઇમ નામંજૂર કર્યો હતો તે હદે પડકારતી અપીલ સેસ્ટેટ, અમદાવાદ સમક્ષ દાખલ કરેલ છે. વિભાગે કોઈ અપીલ દાખલ કરેલ નથી અને કમિશનર (અપીલ્સ) ના હુકમનો સ્વીકાર કર્યો છે.

**૨.૧૦** તેથી, અરજદારોએ જૂન ૨૦૦૭ થી માર્ચ ૨૦૦૮ સુધીની ઈ.સી.એસ.એચ.એસ.ઈ.સી. ની રકમ પેટે રૂ. ૫૪,૧૦,૮૧૦/- ની રકમનું રિફંડ મેળવવાની માંગણી કરતી રિફંડ અરજી સામાવાળા નં. ૨ ની કચેરીમાં દાખલ કરી હતી.

**૨.૧૧** કમિશનર (અપીલ્સ) દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૧૯.૧૨.૨૦૧૮ ના હુકમની સ્થિતિની ખાતરી કર્યા પછી, એક્સાઇઝ વિભાગે, વિભાગના પ્રી-ઓડિટ મારફતે, રિફંડ ક્લેઇમ મંજૂર કર્યો હતો અને આ બાબત સામાવાળા નં. ૨ દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૦૧.૦૪.૨૦૧૯ ના ત્યાર પછીના રિફંડ હુકમમાં પણ પ્રતિબિંબિત થઈ હતી.

**૨.૧૨** આશરે દોઢ વર્ષ પછી, સામાવાળા નં. ૨ એ અરજદારો પર તારીખ ૦૮.૧૦.૨૦૨૦ ની એક કારણદર્શક નોટિસ જારી કરી હતી, જેમાં

ઈ.સી.એસ.એચ.એસ.ઈ.સી. પેટે અરજદારને રિફંડ કરવામાં આવેલી રૂ. ૫૪,૧૦,૮૧૦/- ની રકમ વ્યાજ સહિત વસૂલ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. અરજદારોના જણાવ્યા મુજબ, આવી કારણદર્શક નોટિસ જારી કરવાનો એકમાત્ર આધાર એ છે કે સુધારેલા જાહેરનામા નં. ૩૯/૨૦૦૧ માં માત્ર એક્સાઇઝ ડ્યુટી અને વધારાની એક્સાઇઝ ડ્યુટીમાંથી જ મુક્તિની જોગવાઈ કરવામાં આવી છે અને તેથી, સરકાર દ્વારા સંબંધિત ફાયનાન્સ એક્ટ હેઠળ ઈ.સી.એસ.એચ.એસ.ઈ.સી. વસૂલવામાં આવે છે, અને તેનો સદર જાહેરનામા હેઠળ સમાવેશ થશે નહીં. તેમાં તારીખ ૦૬.૧૨.૨૦૧૯ ના રોજ આપવામાં આવેલા અને ૨૦૧૯ (૩૭૦) ઈ.એલ.ટી. ૩ (એસ.સી.) માં રિપોર્ટ થયેલા યુનિકોર્ન ઈન્ડસ્ટ્રીઝ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા ના કેસમાં આપેલા સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતના ત્યાર પછીના ચુકાદાને ધ્યાને રાખીને, તેમાં અરજદાર દ્વારા મેળવવામાં આવેલા રિફંડની વસૂલાત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સુનાવણીની તારીખ અગાઉથી જ વીતી ગઈ હતી કારણ કે નોટિસ તારીખ ૧૨.૦૧.૨૦૨૧ ના રોજ મળી હતી અને સુનાવણીની તારીખ ૦૧.૦૧.૨૦૨૧ ના રોજ નિયત કરવામાં આવી હતી.

**૨.૧૩** મહામારીના કારણે, અરજદાર નં. ૨, વરિષ્ઠ નાગરિક હોઈ, નિયમિતપણે કચેરીમાં હાજરી આપી શકતા ન હતા. તેમણે એક મહિનાનો સમય માંગતો પત્ર લખ્યો હતો અને આ પિટિશનો દાખલ કરેલ છે. અરજદાર નં. ૨ ના

જણાવ્યા મુજબ, જુનિયર અધિકારી દ્વારા આ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ છે, જેમને તેમના ઉપરી અધિકારીના નિર્ણય પ્રત્યે કોઈ આદર નથી. ઉપલી અર્ધ-ન્યાયિક સત્તાધિકારીના બંધનકર્તા હુકમ સામે સામાવાળા નં. ૨ દ્વારા તદ્દન મનસ્વી અને ગેરવાજબી રીતે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં. તે કાયદા હેઠળ ટકી શકે તેમ પણ નથી, તેથી, નીચે મુજબની અરજ:

"૧૮....

(એ) આ નામદાર અદાલત સામાવાળા નં. ૨ દ્વારા આ સાથે જોડેલા એનેક્ષર ઇ પર જારી કરવામાં આવેલી તારીખ ૮.૧૦.૨૦૨૦ ની કારણદર્શક નોટિસ નં. IV/૯-૧૧/એસ.સી.એન./અજંતા/અંજાર-ભચાઉ/૨૦-૨૧ ૨૦૨૦૧૦૬૪WX૦૦૦૦૪X૭A૭૮) ને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરતી મેન્ડામસની રિટ અથવા મેન્ડામસના પ્રકારની રિટ અથવા પ્રોહિબિશનની રિટ અથવા પ્રોહિબિશનના પ્રકારની રિટ અથવા સરશિયોરરીની રિટ અથવા સરશિયોરરીના પ્રકારની રિટ અથવા અન્ય કોઈ યોગ્ય રિટ, હુકમ અથવા નિર્દેશ જારી કરવા મહેરબાની કરશો.

(બી) આ પિટિશન દાખલ કરવા, સુનાવણી અને આખરી નિકાલ પેન્ડિંગ રહેવા દરમિયાન, આપ નામદાર સામાવાળા નં. ૨ દ્વારા આ સાથે જોડેલા એનેક્ષર ઇ પર જારી કરવામાં આવેલી તારીખ ૮.૧૦.૨૦૨૦ ની કારણદર્શક નોટિસ નં. IV/૯-૧૧/એસ.સી.એન./અજંતા/અંજાર ભચાઉ/૨૦-૨૧ (ડી.આઇ.એન.: ૨૦૨૦૧૦૬૪WX૦૦૦૦૪X૭A૭૮) ના અમલ અને કાર્યવાહી પર સ્ટે

આપવા અને સ્થગિત કરવા મહેરબાની કરશો અને સદર કારણદર્શક નોટિસ મારફતે ઉપસ્થિત કરવામાં આવેલી માંગણીઓના ન્યાયનિર્ણય અથવા વસૂલાતના સંબંધમાં કોઈપણ રીતે આગળ વધતાં સામાવાળા નં. ૩ ને અટકાવવા માટે વધુમાં મહેરબાની કરશો.

(સી) ઉપરની અરજ (બી) ના સંદર્ભમાં એકતરફી વચગાળાની રાહત મંજૂર કરવામાં આવે.

(ડી) ન્યાયી અને યોગ્ય જણાય તેવી અન્ય અને વધુ રાહતો મંજૂર કરવામાં આવે."

૩. આ અદાલતે તારીખ ૨૩.૦૨.૨૦૨૧ ના રોજ નોટિસ જારી કરતી વખતે નીચે મુજબનો હુકમ પસાર કર્યો હતો:

"૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરવામાં આવેલી હાલની પિટિશન મારફતે, સામાવાળા નં. ૨ દ્વારા જારી કરવામાં આવેલી તારીખ ૮.૧૦.૨૦૨૦ ની કારણદર્શક નોટિસ નં. IV/૯-૧૦/એસ.સી.એન./અજંતા અંજાર ભચાઉ ૨૦૨૦-૨૧ (ડી.આઇ.એન. ૨૦૨૦૧૦૬૪ WX ૦૦૦૦૭ W ૩૯૨૧) ની કાયદેસરતા અને માન્યતાને, મુખ્યત્વે એવા કારણસર પડકારવામાં આવી છે કે તે કાયદાની કોઈપણ સત્તા વિના અને બંધનકર્તા પૂર્વચુકાદાઓની સ્પષ્ટ અવગણના કરીને જારી કરવામાં આવી છે, જેમાં નીચે મુજબની અરજ કરવામાં આવી છે:

"૧૮. (એ) આ નામદાર અદાલત સામાવાળા નં. ૨ દ્વારા આ સાથે જોડેલા એનેક્ષર ઇ પર જારી કરવામાં આવેલી તારીખ ૮.૧૦.૨૦૨૦ ની કારણદર્શક નોટિસ નં. IV/૯-૧૦/એસ.સી.એન./અજંતા/અંજાર-ભચાઉ/૨૦૨૦-૨૧ (ડી.આઇ.એન. ૨૦૨૦૧૦૬૪WX૦૦૦૦૭W૩૯૨૧) ને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરતી મેન્ડામસની રિટ અથવા મેન્ડામસના પ્રકારની રિટ અથવા પ્રોહિબિશનની રિટ અથવા પ્રોહિબિશનના પ્રકારની રિટ અથવા સરશિયોરરીની રિટ અથવા સરશિયોરરીના પ્રકારની રિટ અથવા અન્ય કોઈ યોગ્ય રિટ, હુકમ અથવા નિર્દેશ જારી કરવા મહેરબાની કરશો;

(બી) આ પિટિશન દાખલ કરવા, સુનાવણી અને આખરી નિકાલ પેન્ડિંગ રહેવા દરમિયાન, આપ નામદાર સામાવાળા નં. ૨ દ્વારા આ સાથે જોડેલા એનેક્ષર ઇ પર જારી કરવામાં આવેલી તારીખ ૮.૧૦.૨૦૨૦ ની કારણદર્શક નોટિસ નં. IV/૯-૧૦/એસ.સી.એન./અજંતા/અંજાર-ભચાઉ/૨૦૨૦-૨૧ (ડી.આઇ.એન. ૨૦૨૦૧૦૬૪WX૦૦૦૦૭W૩૯૨૧) ના અમલ અને કાર્યવાહી પર સ્ટે આપવા અને સ્થગિત કરવા મહેરબાની કરશો અને સદર કારણદર્શક નોટિસ મારફતે ઉપસ્થિત કરવામાં આવેલી માંગણીઓના ન્યાયનિર્ણય અથવા વસૂલાતના સંબંધમાં કોઈપણ રીતે આગળ વધતાં સામાવાળા નં. ૩ ને અટકાવવા માટે વધુમાં મહેરબાની કરશો;

(સી) ઉપરની અરજ (બી) ના સંદર્ભમાં એકતરફી વચગાળાની રાહત મંજૂર કરવામાં આવે;

(ડી) ન્યાયી અને યોગ્ય જણાય તેવી અન્ય અને વધુ રાહતો મંજૂર કરવામાં આવે."

૨. અરજદાર કંપની ઈલેક્ટ્રિક એનર્જી સેવિંગ લેમ્પ્સ, વિટ્રિફાઇડ ટાઇલ્સ, ક્વાર્ટ્ઝ ક્લોક્સ વગેરેનું ઉત્પાદન કરે છે. વર્ષ ૨૦૦૧ માં કચ્છ જિલ્લામાં આવેલા ધરતીકંપ દરમિયાન, કચ્છના એકમોમાંથી ક્લિયર કરવામાં આવેલા એક્સાઇઝપાત્ર માલસામાનને મુક્તિ આપતું તારીખ ૩૧.૭.૨૦૦૧ નું નોટિફિકેશન નં. ૩૯/૨૦૦૧-સીઈ કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. અરજદારનું એકમ કચ્છમાં હોવાના કારણે, તેણે સદર નોટિફિકેશનનો લાભ મેળવ્યો હતો. જાન્યુઆરી-૨૦૦૭ થી મે-૨૦૦૭ ના સમયગાળા માટે એજ્યુકેશન સેસ અને સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન સેસ સંબંધે અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલો રિફંડ દાવો આંશિક રીતે મંજૂર કરવામાં આવ્યો હતો, પરંતુ એજ્યુકેશન સેસ અને સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન સેસનો દાવો નામંજૂર કરવામાં આવ્યો હતો.

**3.** આ બાબતને કમિશનર (અપીલ્સ), રાજકોટ સમક્ષ પડકારવામાં આવી હતી, જેમણે તારીખ ૧૩.૯.૨૦૦૭ ના રોજ આસિસ્ટન્ટ કમિંશનર દ્વારા પસાર કરવામા આવેલા રિફંડ હુકમને માન્ય રાખ્યો હતો; જોકે, તેમણે એજ્યુકેશન સેસ અને સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન સેસ મંજૂર કર્યા ન હતા. તેથી, સેન્ટ્રલ એક્સાઇઝ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (ટૂંકમાં 'સેસ્ટેટ') સમક્ષ પડકાર કરવામાં આવ્યો હતો, જેણે તારીખ

૯.૧.૨૦૦૯/૨૫.૪.૨૦૦૯ ના રોજ પરિણામી રાહત સાથે અપીલ મંજૂર કરી હતી.

**૪.** નિર્ણયકર્તા સત્તાધિકારીએ, રિફંડ દાવો મંજૂર કરતી વખતે, તારીખ ૧૨.૫.૨૦૧૦ ના રોજ રૂ. ૧૪,૮૬,૦૧૫/- ની રકમનો રિફંડ દાવો એવા કારણોસર મંજૂર કર્યો ન હતો, જે એજ્યુકેશન સેસ અને સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન સેસ સંબંધિત હતો કે આ નોટિફિકેશન નં. ૩૯/૨૦૦૧-સીઈ સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી અને એડિશનલ સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી માટે ઉપલબ્ધ હતું અને તેમાં એજ્યુકેશન સેસ તથા સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન સેસ આવરી લેવાશે નહીં.

**૫.** આ બાબતને કમિશનર (અપીલ્સ), રાજકોટ સમક્ષ પડકારવામાં આવી હતી, જેમણે તારીખ ૧૮.૧૨.૨૦૧૮ ના પોતાના હુકમથી અરજદારનો દાવો મંજૂર કર્યો હતો. તારીખ ૧૮.૧૨.૨૦૧૮ ના આ હુકમનો વિભાગ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે.

**૬.** તારીખ ૨૨.૧.૨૦૧૯ ના રોજ, કમિશનર (અપીલ્સ), રાજકોટના સદર હુકમને અનુસરીને, અરજદારે રૂ. ૧૪,૮૬,૦૧૫/- ના રિફંડ માટે સામાવાળા નં. ૨ ની કચેરીમાં અરજી કરી હતી, જે સંબંધિત સત્તાધિકારી દ્વારા સ્વીકારી લેવામાં આવી છે. આ રકમ અરજદારને પહેલેથી જ ચૂકવી દેવામાં આવી છે.

**૭.** દોઢ વર્ષ પછી તારીખ ૮.૧૦.૨૦૨૦ ના રોજ એક કારણદર્શક

નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં એવા કારણોસર રૂ. ૧૪,૮૬,૦૧૫/- ની રકમ વસૂલ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે નોટિફિકેશન નં. ૩૯/૨૦૦૧ હેઠળ માત્ર સેન્ટ્રલ એક્સાઇઝ અને એડિશનલ સેન્ટ્રલ એક્સાઈઝની મુક્તિની જોગવાઈ કરવામાં આવી છે અને એજ્યુકેશન સેસ તથા સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન સેસ સદર નોટિફિકેશન હેઠળ આવરી લેવામાં આવશે નહીં.

**૮.** અરજદાર એ હકીકતથી વ્યથિત છે કે જ્યારે કમિશનર (અપીલ્સ), રાજકોટના તારીખ ૧૮.૧૨.૨૦૧૮ ના હુકમ અને અન્ય હુકમો, કે જે તમામે આખરીતા પ્રાપ્ત કરી લીધી છે, તેની સામે કોઈ પડકાર કરવામાં આવ્યો નથી, ત્યારે આ કારણદર્શક નોટિસની શરૂઆત સંપૂર્ણપણે અધિકારક્ષેત્ર વિનાની છે. તેથી, અરજદાર ઉપરોક્ત અરજો સાથે આ અદાલત સમક્ષ ઉપસ્થિત છે.

**૯.** અમે વિદ્ધાન વકીલ સુશ્રી અમૃતા ઠાકોરને સાંભળ્યા છે, જેમણે અમારું ધ્યાન સર્વોચ્ચ અદાલત તેમજ આ અદાલતના વિવિધ ચુકાદાઓ તરફ દોર્યું છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરી છે કે ન્યાયિક શિસ્ત પણ ઉપલી અપીલીય સત્તાધિકારીઓના હુકમનો અમલ કરવાની અપેક્ષા રાખે છે અને એક લાંબી કાનૂની લડત પછી અરજદારને જે રિફંડ દાવો આપવામાં આવ્યો છે, તેને ફરી એકવાર વસૂલ કરવાની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ.

**૧૦.** આખરી નિકાલ માટે નોટિસ કાઢવી, જે તારીખ ૮.૩.૨૦૨૧ ના રોજ પરતપાત્ર રહેશે. પરતપાત્ર તારીખ સુધી પેરાગ્રાફ ૧૮.બી. મુજબ વચગાળાની રાહત મંજૂર કરવામાં આવે છે. વિદ્ધાન કેન્દ્ર સરકારના સ્ટેન્ડિંગ કાઉન્સેલ શ્રી

પાર્થ દિવ્યેશ્વર સામાવાળા નં. ૧ તરફે અને તેમના વતી નોટિસની બજવણી માફ રાખે છે.

**૧૧.** અદાલત દ્વારા પૂછવામાં આવેલા ચોક્કસ પ્રશ્ન પર વિદ્વાન વકીલ સુશ્રી અમૃતા ઠાકોરે રજૂઆત કરી હતી કે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા વ્યક્તિગત સુનાવણીની તારીખ ૧૨.૧.૨૦૨૧ નિયત કરવામાં આવી હતી; જોકે, નોટિસ તારીખ ૨૪.૧.૨૦૨૧ ના રોજ મળી છે. ત્યારબાદની કોઈપણ તારીખ અંગે કોઈ જાણ કરવામાં આવી નથી."

**૩.૧** આ અદાલત દ્વારા મંજૂર કરવામાં આવેલી સદર વચગાળાની રાહતની બજવણી વિધિવત રીતે થઈ ચૂકી છે. વધુ હકીકતો રેકોર્ડ પર મૂકવા માટે અરજદાર વતી એક સોગંદનામું દાખલ કરવામાં આવ્યું છે, જેમાં અન્ય બાબતો સાથે એવું જણાવવામાં આવ્યું છે કે અરજદારને તારીખ ૧૬.૦૨.૨૦૨૧ ના રોજ સુનાવણીની બીજી નોટિસ મળી હતી. અરજદારે તારીખ ૨૫.૦૨.૨૦૨૧ ના રોજ એક પત્ર પાઠવીને સામાવાળા નં. ૨ ને પિટિશનની નકલ અને આ અદાલતના હુકમની બજવણી કરી હતી. ત્યારબાદ તારીખ ૨૫.૦૨.૨૦૨૧ ના રોજ, અરજદારને સામાવાળા નં. ૨ પાસેથી તારીખ ૧૬.૦૨.૨૦૨૧ ની સુનાવણીની બીજી નોટિસ મળી હતી જેમાં સુનાવણીની તારીખ ૨૪.૦૨.૨૦૨૧ નિયત કરવામાં આવી હતી, જે સુનાવણીની નોટિસ મળ્યાના એક દિવસ અગાઉની હતી. તેથી, સામાવાળાને તારીખ ૦૨.૦૩.૨૦૨૧ ના રોજ એક પત્રવ્યવહાર મોકલવામાં આવ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે સુનાવણીની બીજી

નોટિસ મળી ન હતી અને વાસ્તવમાં, તે સુનાવણીની તારીખ પછી આવી પહોંચી હતી. તેમાં આ અદાલતના હુકમ તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું.

**૪.** અમે અરજદારો તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ સુશ્રી અમૃતા ઠાકોર અને સામાવાળા નં. ૧ અને ૨ તરફે વિદ્વાન વકીલ શ્રી પાર્થ દિવ્યેશ્વર દ્વારા સહાયતા પ્રાપ્ત યુનિયન ઓફ ઈન્ડિયા તરફેના વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ (એ.એસ.જી.) શ્રી દેવાંગ વ્યાસને વિસ્તૃતપણે સાંભળ્યા છે.

**૫.** વિદ્વાન વકીલ સુશ્રી અમૃતા ઠાકોરે સામાવાળા નં. ૨ ના પગલાં સામે ખેદ વ્યક્ત કર્યો છે, જે, તેમના જણાવ્યા મુજબ, કાયદાના સુસ્થાપિત સિદ્ધાંતોનું સ્પષ્ટ અને ઘોર ઉલ્લંઘન છે. તેમના જણાવ્યા મુજબ, અર્ધન્યાયિક સત્તાધિકારી દ્વારા પણ પદાનુક્રમિક શિસ્તનું પાલન કરવું આવશ્યક છે. કોઈપણ નીચલા હોદ્દાના અધિકારી માટે કાયદાની પ્રક્રિયાનું અતિક્રમણ કરવું અસ્વીકાર્ય છે. અર્ધન્યાયિક સત્તાધિકારીઓના કિસ્સામાં પણ, તેમના અપીલીય સત્તાવાળાઓના નિર્ણયો જેઓ જુનિયર છે તેમના પર અનિવાર્યપણે બંધનકર્તા રહેવા જરૂરી છે. માત્ર ન્યાયિક શિસ્તના સિદ્ધાંતને જ સંપૂર્ણપણે નેવે મૂકી દેવામાં આવ્યો નથી, પરંતુ સંબંધિત અધિકારીએ સુસ્થાપિત ન્યાયિક સિદ્ધાંતોનું પણ ઉલ્લંઘન કર્યું છે અને તેથી, તેમના જણાવ્યા અનુસાર, અદાલતે માત્ર આ પિટિશનો મંજૂર કરવાની જ જરૂર નથી, પરંતુ અરજદારો માટે મુશ્કેલી ઊભી કરવા બદલ સામાવાળા પક્ષ પર ભારે ખર્ચ પણ લાદવો જોઈએ. તેમણે એવી પણ રજૂઆત કરી છે કે એવો સુસ્થાપિત સિદ્ધાંત છે કે એકવાર સત્તાવાળાઓના

નિર્ણયને આખરીપણું પ્રાપ્ત થઈ ગયા પછી, ન્યાયિક શિસ્તનું નિયમન કરતી એવી એક પ્રણાલી હોવી જોઈએ કે જેના દ્વારા ફરીથી કોઈ પણ અનુગામી ઘટના તે શિસ્તને અને સંબંધિત સમયે પ્રવર્તમાન કાયદાને ધ્યાનમાં રાખીને પસાર કરવામાં આવેલા હુકમને અસ્તવ્યસ્ત કરી શકે નહીં. તેમના જણાવ્યા અનુસાર, ન્યાયિક નિર્ણયના આખરીપણાનો એક સુવિખ્યાત સિદ્ધાંત છે, જે ન્યાય વહીવટ જેના પર નિર્ભર છે તે પૈકીનું એક આવશ્યક ઘટક છે.

**પ.૧** વિદ્વાન વકીલ સુશ્રી અમૃતા ઠાકોરે પોતાની વિગતવાર રજૂઆતોના સમર્થનમાં નીચે મુજબના નિર્ણયો પર આધાર રાખ્યો છે:

| **ક્રમ નં.** | **ચુકાદો** |
|---|---|
| ૧ | યુનિયન ઓફ ઈન્ડિયા વિરુદ્ધ કમલાક્ષી ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ, ૧૯૯૧ (૫૫) ઈ.એલ.ટી. ૪૩૩ (એસ.સી.) માં રિપોર્ટ થયેલ |
| ૨ | કમિશનર ઓફ સેન્ટ્રલ એક્સાઇઝ, કાનપુર વિરુદ્ધ કોઠારી પ્રોડક્ટ્સ લિમિટેડ, ૨૦૦૮ (૨૨૯) ઈ.એલ.ટી. ૧૨ (એસ.સી.) માં રિપોર્ટ થયેલ |
| ૩ | કમિશનર ઓફ કસ્ટમ્સ, નવી દિલ્હી વિરુદ્ધ ટેક્સકોમેશ એક્સપોર્ટ, ૨૦૧૫ (૩૨૨) ઈ.એલ.ટી. ૬૦૧ (એસ.સી.) માં રિપોર્ટ થયેલ |
| ૪ | યુનિયન ઓફ ઈન્ડિયા વિરુદ્ધ વિક્કો લેબોરેટરીઝ, ૨૦૦૭ (૨૧૮) ઈ.એલ.ટી. ૬૪૭ (એસ.સી.) માં રિપોર્ટ થયેલ |
| ૫ | ક્લેરિસ લાઇફસાયન્સિસ લિમિટેડ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા, ૨૦૧૩ (૨૯૮) ઈ.એલ.ટી. ૪૫ (ગુજ.) માં રિપોર્ટ થયેલ |
| ૬ | ક્લેરિસ લાઇફસાયન્સિસ લિમિટેડ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા, ૨૦૧૪ (૩૦૫) ઈ.એલ.ટી. ૪૯૭ (ગુજ.) માં રિપોર્ટ થયેલ |
| ૭ | લુબી ઈન્ડસ્ટ્રીઝ એલ.એલ.પી. વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા, ૨૦૧૬ (૩૩૭) ઈ.એલ.ટી. ૧૭૯ (ગુજ.) માં રિપોર્ટ થયેલ |
| ૮ | કમિશનર ઓફ કસ્ટમ્સ વિરુદ્ધ મિલ્ટન ફાઇબર્સ, ૨૦૧૧ (૨૭૧) ઈ.એલ.ટી. ૫૧૨ (ગુજ.) માં રિપોર્ટ થયેલ |
| ૯ | લ્યુપિન લિમિટેડ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા, ૨૦૧૩ (૨૯૩) |

| | |
|---|---|
| | ઈ.એલ.ટી. ૩૫૪ (ગુજ.) માં રિપોર્ટ થયેલ |
| ૧૦ | હોપ પ્લાન્ટેશન્સ વિ. તાલુકા લેન્ડ બોર્ડ, ૧૯૯૯ (૫) એસ.સી.સી. ૫૯૦ માં રિપોર્ટ થયેલ |
| ૧૧ | યુનિયન ઓફ ઇન્ડિયા વિ. મદ્રાસ ટેલિફોન, ૨૦૦૬ (૮) એસ.સી.સી. ૬૬૨ માં રિપોર્ટ થયેલ |
| ૧૨ | પ્રદીપ કુમાર મસ્કારા વિ. સ્ટેટ ઓફ ડબલ્યુ.બી., ૨૦૧૫ (૨) એસ.સી.સી. ૬૫૩ માં રિપોર્ટ થયેલ |
| ૧૩ | સુબ્રમણ્યમ સ્વામી વિ. સ્ટેટ ઓફ ટી.એન., ૨૦૧૪ (૫) એસ.સી.સી. ૭૫ માં રિપોર્ટ થયેલ |

**૬.** તેનાથી વિપરીત, વિદ્વાન એ.એસ.જી. શ્રી દેવાંગ વ્યાસે તેમની સ્વાભાવિક નિષ્પક્ષતાથી એવી રજૂઆત કરી છે કે આ નિઃશંકપણે અધિકારી તરફથી વધુ પડતો ઉત્સાહ અને અતિ-ઉત્સાહ છે, જેના કારણે આ કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે. તેમણે એવી રજૂઆત કરી છે કે આવી કારણદર્શક નોટિસ જારી કરવામાં કોઈ બદઈરાદો નથી અને સર્વોચ્ચ અદાલતના ચુકાદા મારફતે આવેલા અનુગામી ફેરફારના કારણે જ અધિકારીએ આ કારણદર્શક નોટિસ જારી કરી છે અને તેથી, સામાવાળા નં. ૨ ના પગલાંમાં વધુ પડતો અર્થ કાઢવો જોઈએ નહીં, તેમ છતાં, ન્યાયિક શિસ્તના સુસ્થાપિત સિદ્ધાંતને ધ્યાનમાં રાખતાં તેઓ આ પગલાંનો બચાવ કરવાની સ્થિતિમાં રહી શક્યા નહીં.

**૭.** શરૂઆતમાં જ, અમે વિદ્વાન એ.એસ.જી. શ્રી દેવાંગ વ્યાસ દ્વારા દર્શાવવામાં આવેલી નિષ્પક્ષતાની પ્રશંસા કરીએ છીએ, જે બંધારણીય હોદ્દો ધરાવતા અધિકારીઓ પાસેથી અપેક્ષિત છે. અને આ પાસું સર્વોચ્ચ અદાલતના નિર્ણયોમાં વારંવાર પ્રતિબિંબિત થાય છે, જેને એક સુસ્થાપિત ફરજ હોવાના નાતે અહીં પુનઃ રજૂ કરવાની જરૂર જણાતી નથી.

૮. હાથ પરની બાબત તરફ પાછા વળતાં, ઉપર આપવામાં આવેલી કાલક્રમિક વિગતોનું પુનરાવર્તન કરવાની જરૂર નથી. એક નજરે જોઈ શકાય તેવો એક ચાર્ટ તૈયાર કરવો પર્યાપ્ત રહેશે.

| **વર્ષ** | **ઘટના** | **સત્તાધિકારી/ અર્ધન્યાયિક સત્તાધિકારી** | **પરિણામ** |
|---|---|---|---|
| જાન્યુઆરી, ૨૦૦૧ | ગુજરાત જિલ્લામાં, ખાસ કરીને કચ્છ જિલ્લામાં ધરતીકંપ | - | - |
| ૩૧.૦૭.૨૦૦૧ | મુક્તિ જાહેરનામું નં. ૩૯/૨૦૦૧-સીઈ બહાર પાડવું | કેન્દ્ર સરકાર | - |
| ૨૦૦૭-૨૦૦૮ | અરજદારે જૂન, ૨૦૦૭ થી માર્ચ, ૨૦૦૮ સુધીના સમયગાળા માટે સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી, ઇ.સી.એસ.એચ.એસ.ઇ. સી. માટે અલગ દાવો દાખલ કર્યો | ભુજના આસિસ્ટન્ટ કમિશનર | અંશતઃ મંજૂર કર્યો. એક્સાઇઝ ડ્યુટી માન્ય રાખી પરંતુ ઇ.સી.એસ.એચ.એસ .ઇ.સી. અમાન્ય રાખી |
| ૨૦૦૮-૨૦૦૯ | જાહેરનામું નં. ૩૯/૨૦૦૧-સીઇ સુધારવામાં આવ્યું. | કેન્દ્ર સરકાર | - |
| - | કમિશનર ઓફ અપીલ્સ સમક્ષ પડકાર કરવામાં આવ્યો | કમિશનર ઓફ અપીલ્સ | તારીખ ૦૭.૦૩.૨૦૦૮ અને ૨૭.૦૬.૨૦૦૮ ના હુકમથી ભુજના આસિસ્ટન્ટ કમિશનરના હુકમની પુષ્ટિ કરી |
| - | અરજદારે સેસ્ટેટનો આશરો લીધો | સેસ્ટેટ, અમદાવાદ | તારીખ ૧૦.૦૮.૨૦૦૯ અને ૦૯.૧૧.૨૦૦૯ ના હુકમથી મામલો નિર્ણયકારી સત્તાધિકારીને રિમાન્ડ કર્યો. |
| ૧૦.૦૬.૨૦૧૦ | અરજદારે નિર્ણયકારી સત્તાધિકારીનો આશરો | ડેપ્યુટી કમિશનર સેન્ટ્રલ એક્સાઇઝ | રીફંડ ક્લેઇમ મંજૂર કર્યો, પરંતુ |

| | | | |
|---|---|---|---|
| | લીધો. | | ઇ.સી.એસ.એચ.એસ .ઇ.સી. સંબંધિત રૂ. ૫૪,૧૦,૮૧૦/- નામંજૂર કર્યા. |
| ૦૬.૦૮.૨૦૧૦ | અરજદારે કમિશનર ઓફ અપીલ્સનો આશરો લીધો. | કમિશનર ઓફ અપીલ્સ | તે ગ્રાહ્ય રાખ્યો અને તારીખ ૧૦.૦૮.૨૦૦૪ ના પરિપત્ર તેમજ તારીખ ૦૮.૦૪.૨૦૧૧ ના અન્ય પરિપત્ર પર આધાર રાખીને ઇ.સી. અને એસ.એચ.એસ.ઇ.સી . બંને મંજૂર કર્યા |
| ૨૨.૦૧.૨૦૧૯ | અરજદારે રૂ. ૫૪,૧૦,૮૧૦/- ના રીફંડની માંગણી કરતી રીફંડ અરજી દાખલ કરી. | આસિસ્ટન્ટ કમિશનર (ઓડિટ) | ખાતાના પ્રી-ઓડિટ દ્વારા આ મંજૂર કરવામાં આવ્યું હતું. |
| ૨૯.૦૩.૨૦૧૯ | રીફંડ દાવાનો જે ભાગ નામંજૂર કરવામાં આવ્યો હતો તે હદ સુધી કમિશનર (અપીલ્સ) ના તારીખ ૧૯.૧૨.૨૦૧૮ ના હુકમને અરજદાર દ્વારા પડકારવામાં આવ્યો હતો. | સેસ્ટેટ, અમદાવાદ | પેન્ડિંગ, અરજદારને કોઈ લાભ નહીં |
| ૦૧.૦૪.૨૦૧૯ | કમિશનર (અપીલ્સ) એ ઇ.સી. અને એસ.એચ.એસ.ઇ.સી. સંબંધિત અરજદારની અપીલ મંજૂર કરી હતી તે બાબત ધ્યાને લીધા પછી આસિસ્ટન્ટ કમિશનર, સેન્ટ્રલ જીએસટી | આસિસ્ટન્ટ કમિશનર, સેન્ટ્રલ જીએસટી | સદર હુકમ વિભાગ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. |
| ૦૮.૧૦.૨૦૨૦ | યુનિકોર્ન ઇન્ડસ્ટ્રીઝ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા ના કેસમાં સર્વોચ્ચ અદાલતના ત્યાર પછીના ચુકાદા પર આસિસ્ટન્ટ ક મ િશનર દ્વારા આધાર | આસિસ્ટન્ટ કમિશનર | આસિસ્ટન્ટ કમિશનર, સેન્ટ્રલ જીએસટી દ્વારા રૂ. ૫૪,૧૦,૮૧૦/- ની રકમ વસૂલવા માટે કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી |

| | | | |
|---|---|---|---|
| | રાખવામાં આવ્યો છે. | | છે. |

**૯.** ઘટનાક્રમ પરથી એ તદ્દન સ્પષ્ટ થાય છે કે રીફંડ મંજૂર કર્યાના આશરે આઠ મહિના પછી સર્વોચ્ચ અદાલતે તારીખ ૦૬.૧૨.૨૦૧૯ ના રોજ પોતાનો ચુકાદો આપ્યો હોવાના કારણે જ, કમિશનર (અપીલ્સ) ના હુકમની અવગણના કરીને સામાવાળા નં. ૨ દ્વારા સદર કારણદર્શક નોટિસ જારી કરવા માટે યુનિકોર્ન ઈન્ડસ્ટ્રીઝ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (ઉપર મુજબ) ના કેસમાં ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે, જેઓ નિઃશંકપણે અને નિર્વિવાદપણે સામાવાળા નં. ૨ ના ઉપરી સત્તાધિકારી છે અને જેમણે રીફંડ મંજૂર કરવામાં આવ્યું તે સમયે પ્રવર્તમાન કાયદાના બળે સદર હુકમ આપ્યો હતો.

**૧૦.** કમિશનર (અપીલ્સ) દ્વારા જે નિર્ણય આપવામાં આવ્યો હતો તે એસ.આર.ડી. ન્યુટ્રિઅન્ટ્સ પ્રા. લિ. વિ. સી.સી.ઈ., ગુવાહાટી (ઉપર મુજબ) ના કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદાને અનુસરતો હતો.

**૧૧.** આ તબક્કે, ૧૯૯૧ (૫૫) ઈ.એલ.ટી. ૪૩૩ (એસ.સી.) માં રિપોર્ટ થયેલ યુનિયન ઓફ ઈન્ડિયા વિ. કમલાક્ષી ફાઈનાન્સ કોર્પોરેશન લિ. ના કેસમાં આપવામાં આવેલા સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો સંદર્ભ લેવો યોગ્ય રહેશે.

**૧૧.૧** સર્વોચ્ચ અદાલત એવા કેસની વિચારણા કરી રહી હતી કે જ્યાં, સામાવાળાના જણાવ્યા મુજબ, અરજદાર દ્વારા ઉત્પાદિત માલ સેન્ટ્રલ એક્સાઈઝ ટેરિફ એક્ટ, ૧૯૮૫ ની અનુસૂચિના ટેરિફ હેડિંગ ૮૫.૪૭ હેઠળ

આવતો હતો. જ્યારે અરજદારના જણાવ્યા મુજબ, સદર માલ એ જ અનુસૂચિના હેડિંગ ૩૯.૧૯ હેઠળ આવતો હતો. સેન્ટ્રલ એક્સાઈઝના આસિસ્ટન્ટ કલેક્ટરે સામાવાળા ઉત્પાદકને હેડિંગ ૩૯.૧૯ હેઠળ ઉત્પાદનનું વર્ગીકરણ શા માટે ન કરવું તે અંગે કારણ દર્શાવવા નોટિસ જારી કરી હતી. કરદાતાએ ધ્યાન દોર્યું હતું કે બોરીવલી ખાતેના તેના કારખાના માટે, માલ હેડિંગ ૮૫.૪૬ હેઠળ વર્ગીકરણપાત્ર હોવાનો તેનો દાવો કલેક્ટર (અપીલ્સ) દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. જો કે, આસિસ્ટન્ટ કલેક્ટરે કરદાતાની દલીલ સ્વીકારી નહીં અને તેમણે બોરીવલી પ્લાન્ટના સંબંધમાં પસાર કરાયેલા હુકમને અલગ તારવ્યો હતો.

**૧૧.૨** કરદાતાએ કલેક્ટર (અપીલ્સ) સમક્ષ અપીલ દાખલ કરી, જેમણે આસિસ્ટન્ટ કલેક્ટરના હુકમને રદ કર્યો અને એવું અવલોકન કર્યું કે કલેક્ટર ઓફ સેન્ટ્રલ એક્સાઈઝ (અપીલ્સ) ના હુકમને ન અનુસરવા બદલ આસિસ્ટન્ટ કલેક્ટર દ્વારા આપવામાં આવેલું કારણ ટકી શકે તેમ ન હતું. તેથી, તેમણે આસિસ્ટન્ટ કલેક્ટરને સકારણ અને સ્પીકિંગ હુકમ પસાર કરવાનો નિર્દેશ આપ્યો.

**૧૧.3** આસિસ્ટન્ટ કલેક્ટરે પોતાનો ત્યાર પછીનો હુકમ પસાર કરતી વખતે તે જ તારણનું પુનરાવર્તન કર્યું. તેમણે કલેક્ટર (અપીલ્સ) ના હુકમનું પાલન શા માટે કરવામાં ન આવ્યું તેનું કારણ ન આપવાનું પણ પસંદ કર્યું. કરદાતાએ સમાન હકીકતો ધરાવતા અન્ય પક્ષકારના કેસમાં સેસ્ટેટ નો ચુકાદો પણ તેમની સમક્ષ મૂક્યો હતો. તેમણે એવું અવલોકન કરીને તેને પણ અલગ

તારવ્યો કે સદર નિર્ણય સાથે વિભાગ સંમત થયો ન હતો અને વિભાગે સર્વોચ્ચ અદાલતમાં અપીલ દાખલ કરી હતી.

**૧૧.૪** એક રિટ પિટિશનમાં, બોમ્બે હાઈકોર્ટે આસિસ્ટન્ટ કલેક્ટરના હુકમને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કર્યો અને યોગ્ય હુકમ પસાર કરવા માટે સક્ષમ અધિકારીને બાબત સોંપવા વિભાગને નિર્દેશ આપ્યો. યુનિયન ઓફ ઈન્ડિયાએ સર્વોચ્ચ અદાલત સમક્ષ અપીલ દાખલ કરી, જ્યાં સંબંધિત અધિકારીનો વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ દ્વારા એવો બચાવ કરવામાં આવ્યો હતો કે તેમની સામે આકરી ટિપ્પણીઓ કરવામાં વિદ્વાન ન્યાયાધીશોએ ભૂલ કરી હતી. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે વાદગ્રસ્ત હુકમ પસાર કરવામાં અધિકારી કોઈ બદઈરાદાથી પ્રેરાયા ન હતા. વિભાગ મહેસૂલ ગુમાવશે તેવી આસિસ્ટન્ટ કલેક્ટરની છાપ અથવા ચિંતા પણ તેમની પાસે ઉપલબ્ધ કોઈ ઉપાય ન હતો. અદાલતે કલમ ૩૫ ઈ પર આધાર રાખ્યો કે તે સદર મુદ્દાનો ઉકેલ લાવવા અથવા તેને સુધારવા માટે વિભાગને પૂરતી સત્તાઓ આપે છે. જો કે, મહેસૂલના હિતનું રક્ષણ કરવાની ગમે તેટલી ચિંતા પણ તેમને ન્યાયિક શિસ્તનું પાલન કરવાની જવાબદારીમાંથી મુક્ત કરી શકે નહીં.

**૧૧.૫** નીચે મુજબ પુનઃ રજૂ કરવું યોગ્ય રહેશે:

સર્વોચ્ચ અદાલતના સંબંધિત તારણો અને અવલોકનો:

"૭. આસિસ્ટન્ટ કલેક્ટરની એવી છાપ અથવા ચિંતા કે, જો તેઓ

કરદાતાની દલીલ સ્વીકારે, તો ખાતાને મહેસૂલનું નુકસાન થશે અને બાબતને સુધારવા માટે કોઈ ઉપાય પણ રહેશે નહીં, તે પણ ખોટું છે. કલમ ૩૫ઈ આ સંબંધમાં ખાતાને પર્યાપ્ત સત્તાઓ પ્રદાન કરે છે. પેટા-કલમ (૧) હેઠળ, જ્યાં સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સ [ડાયરેક્ટ ટેક્સીસ] સમક્ષ સેન્ટ્રલ એક્સાઇઝના કલેક્ટર દ્વારા પસાર કરવામાં આવેલો કોઈપણ એવો હુકમ ધ્યાને આવે કે જેની કાયદેસરતા અથવા ઔચિત્યથી તે સંતુષ્ટ ન હોય, તો તે બોર્ડ દ્વારા તેના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા નિર્ણય અથવા હુકમમાંથી ઉદ્‌ભવતા મુદ્દાઓના નિર્ધારણ માટે એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ અરજી કરવાનો કલેક્ટરને નિર્દેશ આપી શકે છે. પેટા-કલમ (૨) હેઠળ સેન્ટ્રલ એક્સાઇઝના કલેક્ટર, જ્યારે તેમના તાબા હેઠળના કોઈ સત્તાધિકારી દ્વારા પસાર કરવામાં આવેલો કોઈપણ હુકમ તેમના ધ્યાને આવે, જો તેઓ તેની કાયદેસરતા અથવા ઔચિત્યથી સંતુષ્ટ ન હોય, તો સેન્ટ્રલ એક્સાઇઝના કલેક્ટર પોતાના હુકમમાં નિર્દિષ્ટ કરે તેવા નિર્ણય અથવા હુકમમાંથી ઉદ્‌ભવતા મુદ્દાઓના નિર્ધારણ માટે કલેક્ટર (અપીલ્સ) સમક્ષ અરજી કરવાનો તેવા સત્તાધિકારીને નિર્દેશ આપી શકે છે અને ખાતાને આગળ અપીલ કરવાનો અધિકાર છે. તેથી, હવે પરિસ્થિતિ એવી છે કે, જો આસિસ્ટન્ટ કલેક્ટર અથવા કલેક્ટર દ્વારા પસાર કરવામાં આવેલો કોઈપણ હુકમ મહેસૂલના હિતોની પ્રતિકૂળ હોય, તો તાત્કાલિક ઉપલા વહીવટી સત્તાધિકારી પાસે જે તે કિસ્સા મુજબ એપેલેટ કલેક્ટર અથવા એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ મુદ્દો લઈ જઈને સદર બાબતનો સંતોષકારક ઉકેલ લાવવાની સત્તા છે. આ સુધારેલી જોગવાઈઓના પ્રકાશમાં, કોઈપણ આસિસ્ટન્ટ કલેક્ટર અથવા કલેક્ટર

દ્વારા જે તે કિસ્સા મુજબ એપેલેટ કલેક્ટર અથવા એપેલેટ ટ્રિબ્યુનલના હુકમનું પાલન કરવાનો ઈનકાર કરવા માટે કોઈ ઔચિત્ય હોઈ શકે નહીં, ભલે પછી તેની શુદ્ધતા અંગે તેઓ કોઈ શંકા ધરાવતા હોય. તેમણે ઉપલી એપેલેટ સત્તાધિકારીના હુકમનું પાલન કરવું જ પડે. આનાથી તત્કાલ મહેસૂલને કંઈક નુકસાન થઈ શકે છે પરંતુ તેનો ઉપાય પણ તે જ અધિકારીના હાથમાં છે. તેમણે ખાતાના હિતોને જીવંત રાખવા માટે કલમ ૩૫ઈ(૧) અથવા (૨) હેઠળ યોગ્ય કાર્યવાહી હાથ ધરી શકાય તે હેતુથી સદર બાબત માત્ર બોર્ડ અથવા કલેક્ટરના ધ્યાને લાવવાની રહે છે. જો અધિકારીનો અભિપ્રાય સાચો હશે, તો નિઃશંકપણે આખરે તે માન્ય રહેશે અને આવી પ્રક્રિયાના પરિણામે થતા થોડા વિલંબ પછી પણ, મહેસૂલને ડ્યુટી મળી રહેશે.

૮. અમે આ પાસાની વિગતવાર ચર્ચા કરી છે, કારણ કે વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા અવલોકનો અધિકારીઓ પ્રત્યે કઠોર રહ્યા છે. તે સ્પષ્ટ છે કે હાઈકોર્ટના અવલોકનો, જે પ્રથમ દ્રષ્ટિએ તીવ્ર જણાય છે અને દેખીતી રીતે મહેસૂલ માટે અપ્રિય છે, તેનો હેતુ માત્ર મહેસૂલી બાબતોમાં એવી વૃત્તિને અંકુશમાં લેવાનો છે કે જેને જો વ્યાપક બનવા દેવામાં આવે, તો મહેસૂલને કોઈ લાભ થયા વિના કરદાતા પ્રજાને ભારે હેરાનગતિ થઈ શકે છે. અમે કહેવા માંગીએ છીએ કે ખાતાએ આ અવલોકનોને યોગ્ય ભાવનાથી લેવા જોઈએ. ભવિષ્યમાં હાઈકોર્ટના અવલોકનો ધ્યાનમાં રાખવા જોઈએ અને ન્યાયનિર્ણય કરનાર સત્તાધિકારીઓ

તેમજ એપેલેટ સત્તાધિકારીઓ દ્વારા ન્યાયિક શિસ્તની આવશ્યકતાઓ પ્રત્યે અને તેમના પર બંધનકર્તા હોય તેવા ઉપલા એપેલેટ સત્તાધિકારીઓના હુકમોનો અમલ કરવાની જરૂરિયાત પ્રત્યે અત્યંત આદર રાખવો જોઈએ."

**૧૧.૬** આમ, સર્વોચ્ચ અદાલતનો ભાર ન્યાયિક શિસ્તનું પાલન કરવા પર છે અને ન્યાયનિર્ણય કરનાર સત્તાધિકારીઓ પર બંધનકર્તા હોય તેવા ઉપલા એપેલેટ સત્તાધિકારીઓના હુકમોનો અમલ કરવા માટે ન્યાયિક શિસ્તનું પાલન કરવાનો એપેલેટ સત્તાધિકારીઓ આગ્રહ રાખે તેના પર છે.

**૧૨.** ૨૦૦૮ (૨૨૯) ઈ.એલ.ટી. ૧૨ (એસ.સી.) માં અહેવાલ થયેલ કમિશનર ઓફ સેન્ટ્રલ એક્સાઈઝ, કાનપુર વિ. કોઠારી પ્રોડક્ટ્સ લિમિટેડ ના કેસમાં, ટ્રિબ્યુનલ દ્વારા માંગણીને લિમિટેશનના કાયદા હેઠળ બાધિત ઠેરવવામાં આવી હતી અને અગાઉની કાર્યવાહીમાં આ મુદ્દો આવરી લેવાયેલ હોવાથી રેસ જ્યુડિકેટાનો સિદ્ધાંત લાગુ કરવામાં આવ્યો હતો. ટ્રિબ્યુનલના હુકમ સામે ખાતા દ્વારા કોઈ અપીલ દાખલ કરવામાં આવી ન હતી અને સદર હુકમે અંતિમતા પ્રાપ્ત કરી લીધી હોવાથી, સર્વોચ્ચ અદાલતના જણાવ્યા અનુસાર, કારણદર્શક નોટિસ લિમિટેશન અને રેસ જ્યુડિકેટાના સિદ્ધાંતોથી બાધિત હતી અને તે ટકવાપાત્ર ગણાઈ ન હતી.

**૧૨.૧** સર્વોચ્ચ અદાલતના સંબંધિત તારણો અને અવલોકનો નીચે મુજબ છે:

"૬. આસિસ્ટન્ટ કમિશનરના હુકમથી વ્યથિત થઈને, સામાવાળાઓએ કમિશનર (અપીલ્સ), અલ્હાબાદ સમક્ષ અપીલ દાખલ કરી હતી. કમિશનરે પોતાના તારીખ ૨૮-૧૧-૧૯૯૭ ના હુકમ દ્વારા આસિસ્ટન્ટ કમિંશનર દ્વારા પસાર કરવામા આવેલા હુકમને રદ કર્યો હતો અને અપીલ મંજૂર કરી હતી. તેમાં નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:

"મેં કેસના રેકોર્ડ્સ, અપીલના કારણો, રૂબરૂ સુનાવણી દરમિયાન કરવામાં આવેલી રજૂઆતો અને અપીલકર્તાઓ દ્વારા આધાર રાખવામાં આવેલા વિવિધ ચુકાદાઓનું ધ્યાનપૂર્વક અવલોકન કર્યું છે. અપીલકર્તાઓ પાન મસાલાના ઉત્પાદનમાં રોકાયેલા છે, જે મથાળા નં. ૨૧૦૬.૦૦, સેન્ટ્રલ એક્સાઇઝ ટેરિફ એક્ટ, ૧૯૮૫ હેઠળ આવે છે. તેઓ જુદા જુદા રાજ્યો/પ્રદેશોમાં સ્થિત ડીલરોને ફેક્ટરીમાંથી સીધા જ પ્રોડક્ટનું વેચાણ કરે છે. અપીલકર્તાઓ કેટલાક રાજ્યો/પ્રદેશોમાં સ્થિત સી. એન્ડ એફ. એજન્ટોને પણ અમુક જથ્થાનું સ્ટોક ટ્રાન્સફર કરે છે. સમગ્ર દેશમાં અંતિમ ઉપભોક્તા કિંમત એકસમાન છે. જથ્થાબંધ ખરીદનાર દ્વારા છૂટક વિક્રેતાઓ પાસેથી વસૂલવામાં આવનાર કિંમત પણ એકસમાન છે. જથ્થાબંધ ખરીદદારોને લેન્ડેડ કોસ્ટ પર ટકાવારી તરીકે દર્શાવવામાં આવેલ એકસમાન ડિસ્કાઉન્ટ મળે તેની ખાતરી કરવા માટે તેમજ સંબંધિત રાજ્યોમાં પ્રવર્તમાન સેલ્સ ટેક્સના જુદા જુદા દરોને ધ્યાને લેવા માટે, અપીલકર્તાઓ જથ્થાબંધ કિંમત પરથી ઊલટી ગણતરી કરીને મૂળ કિંમતો નક્કી કરે છે. બીજા શબ્દોમાં અપીલકર્તાઓએ સમજાવ્યું કે જથ્થાબંધ કિંમતોમાંથી,

તેઓ ડીલરના માર્જિનને બાદ કરે છે અને ત્યારબાદ ડીલરે ભોગવવા પડતા સેલ્સ ટેક્સને અને ત્યારબાદ સમાન ધોરણે વસૂલવામાં આવતા ભાડાના ઘટકને તેમજ જો કોઈ ટર્નઓવર ટેક્સ ચૂકવવાપાત્ર હોય તો તેને પણ બાદ કરે છે. આ રીતે મૂળ કિંમત વત્તા એક્સાઈઝ ડ્યુટી પ્રાપ્ત થાય છે. આને મૂળ કિંમત (આકારણીપાત્ર મૂલ્ય) અને એક્સાઈઝ ડ્યુટીમાં વિભાજિત કરવામાં આવે છે. આમ વેચાયેલા માલ માટે વેચાણ ઈન્વોઈસ બનાવતી વખતે, અપીલકર્તાઓ મૂળ કિંમત (આકારણીપાત્ર મૂલ્ય), એક્સાઈઝ ડ્યુટી અને સમાન ભાડા માટેના ઈન્વોઈસ બનાવે છે. તેના પર સેન્ટ્રલ સેલ્સ ટેક્સ પણ વસૂલ કરવામાં આવે છે. સંબંધિત વેચાણ ઈન્વોઈસમાં દર્શાવેલી રકમો ઉપરાંત અપીલકર્તાઓ અન્ય કોઈ રકમ વસૂલતા કે મેળવતા નથી. કાર્યવાહીમાં પણ કારણદર્શક નોટિસમાં કે ઓર્ડર-ઈન-ઓરિજિનલમાં આવો કોઈ આક્ષેપ મૂકવામાં આવ્યો નથી."

૭. કમિશનર (અપીલ્સ) ના આ હુકમની ટ્રિબ્યુનલ દ્વારા અપીલમાં પુષ્ટિ કરવામાં આવી હતી. રેવન્યુ દ્વારા આગળ કોઈ અપીલ કરવામાં આવી ન હતી, જેનો અર્થ એ થાય છે કે તેને આખરીપણું પ્રાપ્ત થઈ ચૂક્યું છે.

૮. હાલના કેસમાં, ટ્રિબ્યુનલે કમિંશનર દ્વારા પસાર કરવામા આવેલા ઓર્ડર-ઈન-ઓરિજિનલને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કર્યો છે અને ઠરાવ્યું છે કે ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવેલા અગાઉના નિર્ણયને ધ્યાને લેતાં, નવી કારણદર્શક નોટિસ જારી કરવામાં રેવન્યુ વાજબી ન હતી અને તે લિમિટેશન તેમજ રેસ જ્યુડિકેટાના સિદ્ધાંતથી બાધિત હતી. ટ્રિબ્યુનલે નીચે મુજબ

અવલોકન કરીને અપીલ નામંજૂર કરી છે:

"હાલની કાર્યવાહીમાં જે તમામ હકીકતો અને પુરાવાઓ પર આધાર રાખવામાં આવ્યો છે તે ખાતાકીય સત્તાવાળાઓને સંપૂર્ણપણે જાણમાં હતા, જ્યારે ઓગસ્ટ, ૧૯૯૩ થી જુલાઈ, ૧૯૯૫ સુધીના સમયગાળાને આવરી લેતી રૂ. ૬,૦૯,૭૫,૩૫૭.૨૩ ની ડ્યુટીની માંગણી કરતી સાત કારણદર્શક નોટિસો અપીલકર્તાઓને જારી કરવામાં આવી હતી. એવી કોઈ નવી તપાસ હાથ ધરવામાં આવી નથી કે જેના પરિણામે આ કારણદર્શક નોટિસ જારી કરવાની જરૂરિયાત ઊભી થાય. અપીલકર્તાઓ અને તેમના ડીલરો/કન્સાઇનમેન્ટ એજન્ટો વચ્ચેના સંબંધો આ પક્ષકારો વચ્ચે થયેલા કરારો દ્વારા આવરી લેવાયેલા છે. જ્યારે અપીલકર્તાઓ વિરુદ્ધ અગાઉની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી ત્યારથી જ કરારો વિભાગ પાસે હતા, તેમ છતાં ફેક્ટરીમાંથી આ સ્થળોએ (હૈદરાબાદ, બોમ્બે અને ત્રિચી) માલ લઈ જતી વખતે નિયમ ૫૨એ હેઠળ અપીલકર્તાઓ દ્વારા જારી કરવામાં આવેલા ઇન્વોઇસમાં દર્શાવેલી માલની કિંમત તે માલનું સામાન્ય મૂલ્ય/કિંમત ન હતી અને તેથી તે સ્વીકાર્ય નથી, એવું કોઈપણ તબક્કે ન તો જણાવાયું હતું કે ન તો એવો કોઈ આક્ષેપ મૂકવામાં આવ્યો હતો. અમારો સ્પષ્ટ મત છે કે હાલની અપીલનો મુદ્દો અગાઉની કાર્યવાહીમાં અપીલકર્તાઓની તરફેણમાં ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવેલા નિર્ણયથી સંપૂર્ણપણે આવરી લેવાયેલ છે અને તે જ મુદ્દો ફરીથી ઉઠાવવા સામે રેવન્યુ લિમિટેશન તેમજ રેસ જ્યુડિકેટાના સિદ્ધાંતથી બાધિત છે. તેથી, કમિશનર દ્વારા પસાર કરવામા આવેલા વાદગ્રસ્ત હુકમને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરીને અમે આ અપીલો મંજૂર

કરીએ છીએ.”

**૧૩.** કમિશનર ઓફ કસ્ટમ્સ, નવી દિલ્હી વિરુદ્ધ ટેક્સકોમેશ એક્સપોર્ટ, ૨૦૧૫ (૩૨૨) ઈ.એલ.ટી. ૬૦૧ (એસ.સી.) માં રિપોર્ટ થયેલા કેસમાં, સર્વોચ્ચ અદાલત સમક્ષના સામાવાળાએ નવેમ્બર, ૧૯૯૩ થી જૂન, ૧૯૯૪ સુધીના સમયગાળા દરમિયાન ડ્રોબેકના દાવા હેઠળ રશિયામાં બાળકોના વસ્ત્રોની નિકાસ કરી હતી. આસિસ્ટન્ટ કલેક્ટર ઓફ કસ્ટમ્સે હુકમ પસાર કર્યો હતો અને મૂલ્યના આ નિર્ધારણ સામે અપીલ કરવામાં આવી હતી, પરંતુ કલેક્ટર (અપીલ્સ) એ સામાવાળા દ્વારા કરવામાં આવેલી અપીલ નકારી કાઢી હતી.

**૧૩.૧** સામાવાળા દ્વારા રિવિઝન અરજીઓ દાખલ કરીને આ હુકમોને પડકારવામાં આવ્યા હતા અને તેનો નિર્ણય ભારત સરકારના જોઈન્ટ સેક્રેટરી દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે કલેક્ટર (અપીલ્સ) ના હુકમને રદ કર્યો અને નવી તપાસ કર્યા પછી નવેસરથી વિચારણા કરવા માટે કેસ આસિસ્ટન્ટ કલેક્ટરને રિમાન્ડ કર્યો. બીજા રાઉન્ડમાં પણ, પ્રથમ હુકમમાં કરવામાં આવ્યું હતું તે જ રીતે ડ્રોબેકના હેતુ માટે માલનું મૂલ્ય સેટ દીઠ રૂ. ૨૧૦/- નક્કી કરવામાં આવ્યું હતું અને તેની સામેની અપીલ કમિશનર ઓફ કસ્ટમ્સ (અપીલ્સ) દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. જોઈન્ટ સેક્રેટરીએ પુનરીક્ષણ સત્તાની રૂએ હુકમ પસાર કર્યો અને માલનું મૂલ્ય વધારીને રૂ. ૨૪૨/- કર્યું. કથિત છેતરપિંડીના કારણે કારણદર્શક નોટિસના આધારે સમગ્ર મુદ્દાને ફરીથી ખોલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કમિશનર ઓફ કસ્ટમ્સે કારણદર્શક નોટિસમાં કરવામાં

આવેલી માંગણી માન્ય રાખી, જેને સેસ્ટેટ દ્વારા રદ કરવામાં આવી હતી અને વિભાગ દ્વારા સેસ્ટેટના સદર હુકમને પડકારવામાં આવ્યો હતો. સેસ્ટેટે કાર્યવાહી ફરી શરૂ કરવાના પગલાંને માન્ય ન રાખવાનું પસંદ કર્યું તે પાછળના કારણોમાંનું એક કારણ એ હતું કે તેના મતે, તે ઉચ્ચ અધિકારીઓના હુકમ સામે સવાલ ઉઠાવવા સમાન બનશે. કમિશનરનો હુકમ પુનરીક્ષણ સત્તાધિકારીના હુકમમાં વિલીન થઈ ગયો હતો અને તેથી, રેસ જ્યુડિકેટાનો સિદ્ધાંત પણ લાગુ પડશે.

**૧૩.૨** સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે ઉચ્ચ સત્તાધિકારી એટલે કે જોઈન્ટ સેક્રેટરી દ્વારા જેનો નિકાલ કરવામાં આવ્યો હતો તે મુદ્દો ફરીથી ખોલવા માટે કમિશનર દ્વારા કસ્ટમ્સ એક્ટની કલમ ૨૮ હેઠળ કારણ દર્શક નોટિસ જારી કરી શકાઈ ન હોત.

**૧૩.3** સર્વોચ્ચ અદાલતના સુસંગત તારણ અને અવલોકનને નીચે મુજબ પુનઃ રજૂ કરવું યોગ્ય રહેશે:

"૫. જો કમિશનરના ધ્યાને એવી અમુક સામગ્રી આવી હોય, જે કારણ દર્શક નોટિસનો આધાર બની હતી, તો પણ કાયદા હેઠળ સ્વીકાર્ય હોય તેવી અન્ય કાર્યવાહી હાથ ધરીને જોઈન્ટ સેક્રેટરીના સદર હુકમને પડકારવાનો જ એકમાત્ર યોગ્ય માર્ગ હતો. માત્ર આ આધાર પર જ, અમે સેસ્ટેટના હુકમની પુષ્ટિ કરીએ છીએ. જોકે, તે જ સમયે, અમે હાલના અપીલકર્તાને કાયદા અનુસાર યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની છૂટ આપીએ છીએ. જ્યાં સુધી લિમિટેશનનો સંબંધ છે ત્યાં સુધી, આ અદાલત સહિત વિવિધ ન્યાયિક મંચો સમક્ષ આ બાબત પેન્ડિંગ

રાખવામાં આવી હોવાથી, લિમિટેશન એક્ટની કલમ ૧૪ ના સિદ્ધાંતોનો સહારો લેવા માટે અપીલકર્તા સ્વતંત્ર રહેશે."

**૧૪.** ૨૦૦૭ (૨૧૮) ઈ.એલ.ટી. ૬૪૭ (એસ.સી.) માં રિપોર્ટ થયેલ યુનિયન ઓફ ઈન્ડિયા વિ. વિક્કો લેબોરેટરીઝ ના કેસમાં, આ કારણ દર્શક નોટિસ જારી કરવાનો અને વર્ગીકરણ વિવાદનો મુદ્દો ફરીથી ખોલવાનો કેસ હતો, કે જેનો રિટ અરજદારની તરફેણમાં હાઈકોર્ટ અને સર્વોચ્ચ અદાલતના નિર્ણયના આધારે આખરી નિકાલ કરવામાં આવ્યો હતો. ઉત્પાદનનું વર્ગીકરણ કરવા માટે જો વિભાગ અન્યથા હકદાર હોય તો તેવો ટેસ્ટ લેવા માટે સર્વોચ્ચ અદાલત દ્વારા તેને આપવામાં આવેલી છૂટના અનુસંધાને નવી કારણ દર્શક નોટિસ જારી કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતના મત મુજબ, કારણ દર્શક નોટિસ નજીવા ફેરફારો સાથે અગાઉની કારણ દર્શક નોટિસોનું પુનરાવર્તન માત્ર હતી, જે કોઈપણ રીતે કોઈ અલગ ટેસ્ટ સાથે સંબંધિત ન હતી અને આમ, કારણ દર્શક નોટિસ એવો મુદ્દો ફરીથી ખોલવા સમાન છે જેની પરવાનગી નથી. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે કારણ દર્શક નોટિસના તબક્કે હસ્તક્ષેપ દુર્લભ હોવો જોઈએ અને સામાન્ય રીતે નહીં. જોકે, જ્યાં કારણ દર્શક નોટિસો હકુમત વિના અને/અથવા કાયદાની પ્રક્રિયાના દુરુપયોગથી જારી કરવામાં આવી હોય, ત્યાં રિટ અદાલત હસ્તક્ષેપ કરવામાં સંકોચ કરશે નહીં.

**૧૪.૧** સર્વોચ્ચ અદાલતના સુસંગત તારણો અને અવલોકનો નીચે મુજબ છે:

“૩૦. સામાન્ય રીતે, સત્તાવાળાઓ દ્વારા કારણ દર્શક નોટિસ જારી કરવાના તબક્કે રિટ અદાલતે હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં. આવા કિસ્સામાં, પક્ષકારોને સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ પોતાની રજૂઆતો મૂકવાની અને જે વ્યક્તિ સામે કારણ દર્શક નોટિસો જારી કરવામાં આવી હોય તેની સામે કાર્યવાહી કરવા માટે કોઈ કેસ ન હોવા અંગે સંબંધિત સત્તાવાળાઓને ખાતરી કરાવવાની પૂરતી તક મળે છે. પક્ષકારોને સંબંર્ધિત સત્તાવાળાઓ સમક્ષની કાય વાહી માટે મોકલવા અર્થે કારણ દર્શક નોટિસ જારી કરવાના તબક્કે હસ્તક્ષેપથી દૂર રહેવું એ સામાન્ય નિયમ છે. જોકે, સદર નિયમ અપવાદો વિનાનો નથી. જ્યાં કારણ દર્શક નોટિસ કાં તો હકુમત વિના અથવા કાયદાની પ્રક્રિયાના દુરુપયોગમાં જારી કરવામાં આવી હોય, ચોક્કસપણે તેવા કિસ્સામાં, રિટ અદાલત કારણ દર્શક નોટિસ જારી કરવાના તબક્કે પણ હસ્તક્ષેપ કરવામાં સંકોચ કરશે નહીં. કારણ દર્શક નોટિસના તબક્કે હસ્તક્ષેપ દુર્લભ હોવો જોઈએ અને સામાન્ય રીતે નહીં. નોટિસ હકુમત વિનાની હતી અને/અથવા કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ હતો તેવો રિટ અરજદારનો માત્ર દાવો પૂરતો રહેશે નહીં. તે પ્રથમદર્શી રીતે તેવું સાબિત થયેલું હોવું જોઈએ. જ્યાં હકીકતલક્ષી ન્યાયનિર્ણય જરૂરી હોય, ત્યાં હસ્તક્ષેપ બાકાત રહે છે.

૩૧. સામાવાળાનો એવો કેસ છે કે આ અદાલતના નિર્ણયના અનુસંધાને સદર ઉત્પાદનોના વર્ગીકરણે આખરીતા પ્રાપ્ત કરી લીધી હોઈ, જે આધાર પર વાદગ્રસ્ત કારણ દર્શક નોટિસ જારી કરવામાં આવી છે તે આધાર પર તેને જારી કરવાની અપીલકર્તાઓ પાસે કોઈ હકુમત નથી અને તે વાસ્તવમાં આ

અદાલતના નિર્ણય દ્વારા સમાપ્ત થયેલા મુદ્દાને ફરીથી ખોલવા સમાન છે, અને તેથી તે કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ છે. હાઈકોર્ટે મુકદ્દમાના ઈતિહાસનો સંદર્ભ લીધા પછી યોગ્ય રીતે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે સામાવાળાઓના કેસમાં આ અદાલત અને હાઈકોર્ટના ચુકાદાઓ દ્વારા સદર બાબતનો આખરી નિકાલ થઈ ચૂક્યો હતો.

૩૨. અગાઉના ચુકાદામાં આ અદાલતે નીચે મુજબના શબ્દોમાં વિભાગને છૂટ આપી હતી :

"જોકે ન્યાયનિર્ણય સત્તાધિકારીને સુનાવણી દરમિયાન એવું જણાયું હતું કે બજાર સર્વેક્ષણ દર્શાવે છે કે પ્રશ્ન હેઠળનું ઉત્પાદન કોસ્મેટિક તરીકે જાણીતું હતું, છતાં અમે આ પ્રશ્નમાં પડતા નથી કારણ કે જે આધાર પર કારણ દર્શક નોટિસ જારી કરવામાં આવી હતી તે આ આધાર ન હતો. શ્રી બૈદ્યનાથ ના કેસમાં નિર્ધારિત કરવામાં આવેલી કસોટીઓની ગેરસમજના આધારે કારણ દર્શક નોટિસો આગળ ધપી હોવાથી, તેને ટકાવી રાખી શકાય નહીં."

તે મુજબ ખર્ચ અંગેના કોઈપણ હુકમ વિના અપીલો નામંજૂર કરવામાં આવે છે. વિભાગને જેવી સલાહ મળે તે મુજબ યોગ્ય ટેરિફ હેડિંગ હેઠળ ઉત્પાદનોનું વર્ગીકરણ કરવાના હેતુસર તે ઉત્પાદનોના સંબંધમાં, જો અન્યથા તેવો હકદાર હોય તો, આવું પરીક્ષણ કરવા માટે વિભાગ સ્વતંત્ર રહેશે."

૩૩. જોકે, હાઈકોર્ટ દ્વારા યોગ્ય રીતે અવલોકન કરવામાં આવ્યું છે તેમ,

વાદગ્રસ્ત કારણદર્શક નોટિસ એ નજીવા ફેરફારો સાથેની અગાઉની કારણદર્શક નોટિસોનું પુનરાવર્તન માત્ર હતી, જે કોઈપણ રીતે કોઈ ભિન્ન પરીક્ષણ સાથે સંબંધિત ન હતી.

૩૪. જ્યારે ઉપરોક્ત દર્શાવેલા કાનૂની સિદ્ધાંતોની પૃષ્ઠભૂમિમાં હકીકતલક્ષી પરિદ્રશ્યને ધ્યાને લેવામાં આવે છે, ત્યારે અનિવાર્ય નિષ્કર્ષ એ આવે છે કે આ અપીલ ગુણદોષ રહિત છે, નામંજૂર થવાને પાત્ર છે જેવો અમે નિર્દેશ આપીએ છીએ. ખર્ચ અંગે કોઈ હુકમ નથી. “

**૧૫.** આ અદાલત ૨૦૧૩ (૨૯૮) ઈ.એલ.ટી. ૪૫ (ગુજ.) માં રિપોર્ટ થયેલ ક્લેરિસ લાઇફસાયન્સિસ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા ના કેસમાં એજ્યુકેશન સેસ તથા સેકન્ડરી અને હાયર એજ્યુકેશન સેસની ગણતરીના પ્રશ્ન પર વિચારણા કરી રહી હતી, જેનો સદર ટ્રિબ્યુનલ દ્વારા આખરી રીતે અરજદારોની તરફેણમાં નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અદાલતના નિર્ણયની તારીખે, સદર ટ્રિબ્યુનલનો આવો નિર્ણય અમલમાં હતો અને અધિનિર્ણાયક સત્તાધિકારી પર બંધનકર્તા હતો. તેથી સદર અદાલતે ઠરાવ્યું હતું કે જો વિભાગનો એવો મત હોય કે આ મુદ્દો શંકાથી પર ન હતો, તો પણ અધિનિર્ણાયક સત્તાધિકારી માટે બંધનકર્તા પૂર્વચુકાદાની અવગણના કરવાનું શક્ય ન હતું. જેમ સ્પષ્ટપણે ઠરાવવામાં આવ્યું હતું તેમ અધિનિર્ણાયક સત્તાધિકારી અર્ધ-ન્યાયિક સત્તાધિકારી તરીકે કાર્ય કરે છે અને તે પૂર્વચુકાદાના કાયદાથી બંધાયેલ છે અને તેમાં ઉચ્ચ સત્તાધિકારી અથવા ઉપરી અધિકારક્ષેત્ર ધરાવતી ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમની

બંધનકર્તા અસરનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

**૧૫.૧** આ અદાલતના પ્રસ્તુત તારણો અને અવલોકનો નીચે મુજબ છે:

"જ. અરજદારોનો એવો કેસ છે કે અરજદારો ભારતમાં આયાત કરવામાં આવતી સમાન દવાઓ પર વસૂલાતપાત્ર બેઝિક કસ્ટમ્સ ડ્યુટી પર કસ્ટમ્સ ડ્યુટીઓ અને એજ્યુકેશન સેસ તેમજ સેકન્ડરી અને હાયર એજ્યુકેશન સેસના કુલ સરવાળાની એક્સાઈઝ ડ્યુટી તરીકે ચૂકવણી કરતા રહ્યા છે. જોકે, વિભાગનો વિવાદ અરજદારો દ્વારા ઈ.ઓ.યુ. તરીકે સ્થાનિક ટેરિફ વિસ્તારમાં કરવામાં આવેલા ક્લિયરન્સ પર વસૂલાતપાત્ર એક્સાઈઝ ડ્યુટીની ગણતરી અંગેનો છે, જેમાં એવું સૂચવવામાં આવ્યું છે કે કસ્ટમ્સ ડ્યુટીઓ અને ઉપરોક્ત સેસના કુલ સરવાળા પર એજ્યુકેશન સેસ તેમજ સેકન્ડરી અને હાયર એજ્યુકેશન સેસ વસૂલાતપાત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો, વિભાગનો એવો કેસ છે કે બીજી વખત ગણતરી કરવામાં આવનાર એજ્યુકેશન સેસ અને સેકન્ડરી અને હાયર એજ્યુકેશન સેસમાં કસ્ટમ્સ ડ્યુટી અને આવા સેસનો સમાવેશ થશે. અગાઉ, વિભાગ દ્વારા અરજદારો સામે આવો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. અધિનિર્ણાયક સત્તાધિકારીએ અરજદારોની વિરુદ્ધમાં નિર્ણય આપ્યો હોવાથી, આ બાબત અપીલમાં આગળ લઈ જવામાં આવી હતી. આખરે, કસ્ટમ્સ, એક્સાઈઝ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલે (સંક્ષિપ્તમાં "સદર ટ્રિબ્યુનલ"), આ જ અરજદારોના કેસમાં તારીખ ૨૧-૬-૨૦૧૦ ના હુકમ દ્વારા અરજદારોની તરફેણમાં નિર્ણય આપ્યો હતો. તેવા હુકમમાં, સદર ટ્રિબ્યુનલે નીચે મુજબ ઠરાવ્યું

હતું અને અવલોકન કર્યું હતું:-

“૨. જે મુદ્દો ઉપસ્થિત થયો છે તે એ છે કે ૧૦૦% ઇ.ઓ.યુ. દ્વારા સ્થાનિક ટેરિફ વિસ્તારમાં કરવામાં આવેલા ક્લિયરન્સના સંબંધમાં માલ પર ચૂકવવાપાત્ર કસ્ટમ્સ ડ્યુટીની ગણતરી કરીને નક્કી કરવામાં આવેલી રકમ પર શું અપીલકર્તા ફરીથી એજ્યુકેશન સેસ ચૂકવવા માટે જવાબદાર છે કે કેમ. નીચલી સત્તાવાળાઓએ એવું ઠરાવ્યું છે કે ચૂકવવાપાત્ર સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી નક્કી કરવા માટે કસ્ટમ્સ ડ્યુટીના માપદંડ પર પહોંચ્યા પછી પણ, એજ્યુકેશન સેસ ફરી એકવાર લાદવો પડશે.

૩. બંને પક્ષો સંમત છે કે આ મુદ્દો મેસર્સ સરલા પરફોર્મન્સ પ્રા. લિ. - ૨૦૧૦-ટી.આઇ.ઓ.એલ.-૪૦૮- સી.ઇ.એસ.ટી.એ.ટી. અમદાવાદ ના કેસમાં આ ટ્રિબ્યુનલના નિર્ણયથી આવરી લેવાયેલ છે, જેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે એકવાર તેવા જ માલ પર વસૂલાતપાત્ર સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી સમકક્ષ કસ્ટમ્સ ડ્યુટીનું માપદંડ નક્કી કરી લેવામાં આવે ત્યાર પછી, ૧૦૦% ઇ.ઓ.યુ. દ્વારા ડી.ટી.એ. માં કરવામાં આવેલા ક્લિયરન્સના સંબંધમાં અલગથી એજ્યુકેશન સેસ લાદવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ઉપર ટાંકેલા ટ્રિબ્યુનલના નિર્ણયથી આ મુદ્દો આવરી લેવાયેલ હોવાથી, અમે અપીલકર્તાને આનુષંગિક રાહત સાથે અપીલ મંજૂર કરીએ છીએ.”

૫. સદર ટ્રિબ્યુનલના આવા નિર્ણયને અન્ય સમાન નિર્ણયો સાથે વિભાગ દ્વારા આ અદાલત સમક્ષ પડકારવામાં આવ્યો હતો. કેટલીક અપીલો એકત્રિત

કરવામાં આવી હતી. આ અદાલતની ડિવિઝન બેંચે ટેક્સ અપીલ નં. ૨૦૧૨/૨૦૧૨ અને જોડાયેલી અપીલોમાં પસાર કરેલા તારીખ ૧૯-૧-૨૦૧૨ ના હુકમ દ્વારા એવું ઠરાવ્યું હતું કે આવી અપીલો હાઇકોર્ટ સમક્ષ ચાલવાપાત્ર નથી અને માત્ર સુપ્રીમ કોર્ટ સમક્ષ જ થઈ શકે છે.

૭. પક્ષકારોના વિદ્વાન વકીલને સાંભળ્યા પછી, અમારો એવો મત છે કે અધિનિર્ણાયક સત્તાધિકારી દ્વારા અપનાવવામાં આવેલ અભિગમ કાયદાની દ્રષ્ટિએ સંપૂર્ણપણે અસ્વીકાર્ય હતો. શરૂઆતમાં જ, અમે નોંધી શકીએ છીએ કે અમે સભાન છીએ કે સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, ૧૯૪૪ હેઠળ પૂરી પાડવામાં આવેલી કાનૂની અપીલો અનુસાર આવો હુકમ અપીલપાત્ર છે. જોકે, અમે માલૂમ પડે છે કે અધિનિર્ણાયક સત્તાધિકારીએ બંધનકર્તા પૂર્વચુકાદાની અવગણના કરવામાં ગંભીર ભૂલ કરી છે અને કોઈ પણ વિવાદિત હકીકતો બિલકુલ નથી. તેથી, અમે એવો આગ્રહ રાખીશું નહીં કે અરજદારો ફરી એકવાર તે જ અપીલનો માર્ગ અપનાવવાની સમગ્ર પ્રક્રિયા અનુસરે. હાથ પર રહેલા મુદ્દા પર પરત આવતાં, અમે યાદ કરી શકીએ છીએ કે એજ્યુકેશન સેસ તેમજ સેકન્ડરી અને હાયર એજ્યુકેશન સેસની ગણતરીનો પ્રશ્ન ટ્રિબ્યુનલ દ્વારા અંતિમ રીતે અરજદારોની તરફેણમાં નક્કી કરવામાં આવ્યો હતો. હાલના તબક્કે, સદર ટ્રિબ્યુનલનો આવો નિર્ણય અમલમાં છે. સદર ટ્રિબ્યુનલનો આવો નિર્ણય નિર્ણાયક સત્તાધિકારી પર બંધનકર્તા રહેશે. જો વિભાગ એવા અભિપ્રાયનું હોય કે આ મુદ્દો શંકાથી પર નથી, તો પણ બંધનકર્તા પૂર્વચુકાદાની અવગણના કરવી તે

નિર્ણાયક સત્તાધિકારી માટે યોગ્ય નથી. અમે નોંધી શકીએ છીએ કે સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, ૧૯૪૪ અને કસ્ટમ્સ એક્ટ હેઠળ, વિભાગ પાસે નિર્ણાયક સત્તાધિકારી દ્વારા પસાર કરવામાં આવેલા ઓર્ડર-ઇન-ઓરિજિનલ સામે પણ અપીલ કરવાનો અધિકાર છે. આ ઇન્કમ-ટેક્સ એક્ટ, ૧૯૬૧ માં સમાવિષ્ટ જોગવાઈઓથી વિપરીત છે જ્યાં આકારણી અધિકારી દ્વારા પસાર કરવામાં આવેલા હુકમ સામે, વિભાગ પાસે અપીલ કરવાનો કોઈ અધિકાર નથી. મહેસૂલ પાસે ઉપલબ્ધ એકમાત્ર ઉપાય આકારણી અધિકારીના હુકમ સામે રિવિઝન કરવાનો છે, તે પણ માત્ર ત્યારે જ જો એવું જણાય કે આવો હુકમ ભૂલભરેલો છે અને મહેસૂલના હિત માટે નુકસાનકારક છે. જોકે, જ્યાં સુધી સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, ૧૯૪૪ હેઠળ નિર્ણાયક સત્તાધિકારીના હુકમ સામે અપીલ કરવાના વિભાગના અધિકારનો સંબંધ છે ત્યાં સુધી આવી કઠોર શરતો લાગુ પડતી નથી.

૮. નિર્ણાયક અધિકારી અર્ધ-ન્યાયિક સત્તાધિકારી તરીકે કાર્ય કરે છે. તેઓ પૂર્વચુકાદાના કાયદાથી અને ઉચ્ચ સત્તાધિકારી અથવા ઉપરી અધિકારક્ષેત્ર ધરાવતી ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમની બંધનકર્તા અસરથી બંધાયેલા છે. જો તેમના હુકમને વિભાગ દ્વારા ભૂલભરેલો ગણવામાં આવે, તો વિભાગ સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, ૧૯૪૪ માં સમાવિષ્ટ વૈધાનિક જોગવાઈઓ મુજબ અપીલ પણ દાખલ કરી શકે છે.”

**૧૫.૨** આવું ઠરાવવા માટે અદાલતે ૧૯૯૧ (૫૫) ઈ.એલ.ટી. ૪૩૩ (એસ.સી.) માં રિપોર્ટ થયેલા યુનિયન ઓફ ઈન્ડિયા વિ. કમલાક્ષી ફાઈનાન્સ

કોર્પોરેશન લિમિટેડ ના કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલા નિર્ણય પર આધાર રાખ્યો હતો.

